# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૩૧ • તા.૧૨ નવેમ્બર થી ૧૮ નવેમ્બર ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# શેઠ શ્રી નરસી નાથા મેડિકલ ટ્રસ્ટ દ્વારા





# સેવ હાર્ટ
# સેવ લાઈફ - સેવ ફેમિલી
# અભિયાન

SAT Shri Anantnath Trust

KDO CARES


DON'T
Compromise!
Portability Benefits Available
HEALTH INSURANCE
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**


નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી


**-: કાર્યાલય :-**


પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# સ્ત્રી અને પુરૂષ એકબીજાના પૂરક

એવો એક સમય હતો જેમાં પુરૂષોનું આધિપત્ય હતું. પુરૂષોનો એકાધિકાર હતો. સ્ત્રીઓ લાજ, શરમ અને ઘૂંઘટના રિવાજમાં નજરકેદ હતી. પુરૂષોના રાજ કાજ, વ્યવહાર વહીવટ નીચે દબાયેલી હતી. સ્ત્રીઓનું બચપણ પિતાના સંરક્ષણમાં, યુવાની પતિના અંકુશ તળે અને વૃધ્ધાવસ્થા સંતાનોના ભરોસે વીતતું હતું.

પણ હવે જમાનો બદલાયો છે, સમયએ કરવટ લીધી છે. સ્ત્રીઓ શિક્ષણ મેળવી પારંગત બની છે. શિક્ષિત થઈ પોતાના અધિકારો પ્રત્યે સજાગ થઈ છે. હક મળે એ માટે ન્યાય મેળવવાની લડત ઝૂંબેશ ચલાવવા પ્રત્યે સજાગ થઈ છે. તેને કાયદાઓ દ્વારા વધુને વધુ સંરક્ષણ મળતું થયું છે. એટલે હવે તેની તવારીખ પલટાઈ ગઈ છે. 'મુલગી શિખલી પ્રગતિ ઝાલી' અર્થાત પુત્રી શિક્ષિત થઈ સાથે પ્રગતિ થઈ. આ બદલાવ ઉડીને આંખે વળગે એવું થયું છે. સ્ત્રી હવે પુરૂષોના બરોબરી કરે છે. દરેકે દરેક પદ, પર પહોંચી પુરૂષની સમોવડી થઈ છે.

સંસાર વ્યવહાર ચલાવવાની જવાબદારી પુરૂષ કરતાં સ્ત્રી પર વધુ છે. જીવન નિર્વાહ ગુજરાન, કમાઈની યંત્રણા જવાબદારી પુરૂષની છે. પણ એ કમાણીને ખર્ચી તેમાંથી બચત કરવાનો હુન્નર સ્ત્રીઓ પાસે છે. પુરૂષોના વર્ચસ્વ છતાં પરિવારની જવાબદારી સ્ત્રી પર હોય છે જે એને બખૂબી નિભાવી જાણે છે. સૂર્યના કિરણો જગને અજવાળે એ પહેલાંથી એના કાર્યો શરૂ થઈ જાય અને અંધકાર મધરાતે પહોંચે ત્યારે સ્ત્રી વિરામ લે. આમ પંદરથી વીસ કલાકની ફરજ વગર પગારે અને કોઈ પ્રશંસા કે કદર મળે એની દરકાર કર્યા વગર સતત કરે રાખે છે. પતિની દરકાર, સંતાનોની સંભાળ અને પરિવારના વડીલોની દેખભાળ માવજત બખૂબીથી કરે છે.

સ્ત્રી પુરૂષની શારીરિક રચના, તેમની બુધ્ધિ, બળની તાકાત, કાર્ય પધ્ધતિ વેગળી છે. સ્ત્રી સર્જન કરવા સમર્થ છે, તો પુરૂષ સંરક્ષણ કરવા, સામનો કરવા સશક્ત છે. સ્ત્રી માનસિક રીતે સુદ્દઢ છે તો પુરૂષ શારીરિક રીતે બલશાલી છે. મારગ ભટકેલા પુરૂષને સરળ સીધો સ્ત્રી સહજ રીતે કરી શકે છે. સમાજમાં એટલે જ સારા પુરૂષો કરતાં સ્ત્રીઓના પ્રભાવ ઘણો મોટો છે. એનો ત્યાગ અને બલિદાન ભાવના પણ મોટી છે. સંતો કરતા સતીઓનો મહિમા મોટો છે. અસુરો ત્રાસથી જ્યારે દેવો ત્રસ્ત થતાં ત્યારે કોઈ દેવી જ અવતાર લઈ અસુરોના ખાતમો કરેલ છે. એવું ધર્મશાસ્ત્રોમાં વાંચી ગયા છીએ. એક પુરૂષ કદાચ એક કે બે સ્ત્રીઓનો ઉધ્ધારક બની શકે પણ સ્ત્રી તો અનેક પુરૂષો માટે ઉધ્ધારક બની શકે છે. સ્ત્રી પુરૂષના જીવનમાં પ્રકાશ પાથરી શકે છે તો તેના જીવનમાં અંધકાર લાવી દેવા જેટલી સમર્થ પણ છે. પુરૂષ એક કુળ માટે અભિમાન ધરાવે છે પણ સ્ત્રી તો બે કુળ માટે અભિમાન ધરાવે છે. તેના દ્વારા બે કુળનો ઉધ્ધાર થાય છે, સ્ત્રી પતિનું નામ દીપાવી શકે છે, પુત્રના જીવનમાં પ્રકાશ પાથરી શકે તો સાસરાની શાખ-આબરૂ પ્રતિષ્ઠામાં વધારો કરી શકે છે. સ્ત્રી એકલા રહીને જે કાર્ય કરી શકે તેથી અનેક ઘણું પતિના સાથથી, પતિની સંમતિથી અને પતિના સમન્વયથી અનેક ઘણું કરી શકે છે. માટે જ સ્ત્રી અને પુરૂષ એક બીજાના પૂરક છે. એક સિક્કાની બે બાજુ છે.

જય જ્ઞાતિ મૈયા

# સમયને સાચવી શકાતું નથી, સંભાળી શકાય છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સુખમાં છલકાવું નહીં અને દુઃખમાં નિરાશ થવું નહીં. એવું જ્ઞાનીઓ આપણને બોધ આપે છે, સમજણ આપે છે. વિપતિનો સમય સમતા રાખીને પસાર કરી શકાય છે. મુશ્કેલીઓનો સામનો અડગતાથી, હિંમતથી અને મક્કમતાથી કરી શકાય છે. સમય પસાર થઈ જશે તેમ તેમ દુઃખના વાદળો વિખેરાઈ જશે. સમય સાચવી શકાતો નથી, રોકી શકાતો નથી પણ, સમયને સંભાળી જરૂરી શકાય છે. શાંત ચિત, મનની મક્કમતા અને અડગતાથી આ સમયને મુકાબલો કરી શકાય છે. આપણે સમયને પડકારીએ ત્યારે કોઈને પરેશાની ન થાય એ પણ જોવું જરૂરી છે. અન્યને દુઃખ પહોંચાડી આપણે સુખી ન થઈ શકીએ.

માણસ જેવા ભાવ ધરાવે છે એવો તેનો સમય આવે છે. બીજાની પરવાને કાળજી કરે છે ત્યારે તે આ જ ભાવ પામે છે. શુભ ભાવના હોય તો શુભને પામે અને અશુભ ભાવ રાખે તો અશુભ પામે છે. આ તો જેવું કરીએ તેવું પામીએ જેવી વાત થઈ. આપણા મનની લાગણી ભલે બહાર ન દેખાતી હોય પણ તેને આંખો, હાવભાવ અને અન્ય અંગોની લઢણથી જરૂર જોઈ શકાય.

જીવનમાં સુખ-દુઃખ, ચડતી પડતી, ઉન્નતિ-પતન, સફળતા-નિષ્ફળતા આવતી જતી રહે છે. વહી જતો સમય કોઈનાથી રોકી શકાતો નથી. પણ તેને સંભાળી સંભાળીને વિતાવી શકાય છે. સુખનો સમય હોય એ સાચવી શકાતો નથી અને વિકટ સમય જલ્દી પસાર થઈ જાય એવું થઈ શકતું નથી પણ દરેક પળની પરિસ્થિતિ સમજી તેને અનુકુળ બનાવી સંભાળી સંભાળીને સમયને પસાર કરી શકાય. આ ઘડી પણ વીતી જશે એવો ભાવ વિચાર સુખી જીવનનો સાચો સાર છે.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શેઠ શ્રી નરસી નાથા મેડિકલ ટ્રસ્ટ દ્વારા સેવ હાર્ટ, સેવ લાઈફ – સેવ ફેમિલી અભિયાન




શેઠ શ્રી નરસી નાથા મેડિકલ ટ્રસ્ટ આપની સમક્ષ લાવી રહ્યું છે ૩૫ અને વધુ વયના કેડીઓ માટે સુપર તંદુરસ્તીની સુવર્ણ તક. સેવ હાર્ટ, સેવ લાઇફ સેવ ફેમિલી અભિયાન

આજે જ નામ નોંધાવો. એકદમ સસ્તા દરે અપ-ટુ-ડેટ હાર્ટ ચેકઅપ અને જરૂર પ્રમાણે ટ્રીટમેન્ટ.

વિગતો માટે ક્લિક કરો: નામ નોંધાવવા ફોર્મ ભરો: https://forms.gle/xUFqZi8VU2ceC3Hv9

હેપી હાર્ટ ટુ યુ ઓલ! વધુ જાણકારી માટે : (સાંજે ૪-૭ માં) સંપર્ક કરો યોગેશ કુરવા – ૮૮૭૯૩૨૪૦૦૫

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ તથા શ્રી અનંતનાથ ટ્રસ્ટ, મુંબઇ

# સુથરી તીર્થે મહારાજ સાહેબની નિશ્રામાં શ્રી ઋષિમંડળ મહાપૂજન કરાયું





કચ્છના અબડાસા પંથકના સોનથરી ગામ સુથરી તીર્થે પ.પૂ.મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા. અને પ.પૂ. સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.ની પરમકારી નિશ્રામાં શ્રી ઋષિમંડળ મહાપૂજન વિધિકાર શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયાના સહયોગ ભણાવાઈ હતી.

# કચ્છ સુથરી તીર્થે શ્રી નમિઉણ મહાપૂજનની ધર્મ આરાધના થઈ





કચ્છ પ્રદેશના અબડાસા વિભાગના ઐતિહાસિક સુથરી તીર્થે પ.પૂ.મુનિરાજશ્રી મહાયશાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.ની પરમ પાવન નિશ્રામાં શ્રી નમિઉણ મહાપૂજન વિધિકાર ચંદ્રકાન્તભાઈ દેઢિયા બિદડાવાળાના સથવારે ધર્મ આરાધનાઓ ભવ્ય ભાવથી થઈ.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**


**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# ભાવભરી શ્રદ્ધાંજલિ



# સ્વ. લહેરચંદ રતનશી ડાઘા

**ગામ : વરાડીયા, હાલ : ભાંડુપ**

**અરિહંતશરણ - શનિવાર, ૧૨-૧૧-૨૦૨૨**

તમારું જીવન અમારી પ્રેરણા,
તમારા કાર્યો અમારું ભવિષ્ય
તથા તમારી શક્તિ અમારું જીવન બની જશે
અમારા અશ્રુની ધારા તમારા ચરણે અર્પણ કરીએ છીએ
ભુલાઈ જશે બધુ પણ તમો કદી ભુલાશો નહીં,
આપની પ્રેરણાના ફુલો કદી કરમાશે નહીં

**જસ્મીનાબેન જયંત વિશનજી છેડા, નલિયા**
**તરૂણાબેન કિર્તીકુમાર પદમશી લોડાયા, સુથરી**

# વિરારમાં રહેતા કમળાબેન ગુલાબચંદ ધરમશી સાથે થઈ જીવલેણ દુર્ઘટના



વિરાર વેસ્ટના ડોંગરપાડામાં એમ.બી.એસ્ટેટ ખાતે રહેતા મૂળ સાંધાણના કમળાબેન ગુલાબચંદ ધરમશી, ઉ.વ.૬૮ પોતાના રોજિંદા ક્રમાનુસાર ઘર નજીક આવેલા દેરાસરમાં ધાર્મિક પૂજા કાર્ય માટે વહેલી સવારે ૫.૩૦ વાગે જવા નીકળ્યા હતા. દેરાસરમાં મહારાજ સાહેબનું પ્રવચન સાંભળ્યું અને ૬.૩૦ની આસપાસ પરત ઘરે જવા ત્યાંથી નીકળ્યા હતા. પણ ઘણા સમય પછી પણ ઘરે ન પહોંચ્યા હોવાથી ઘરવાળાઓએ તેમની શોધમાં લાગ્યા. સોશિયલ મીડિયા દ્વારા તેઓ ગુમ થયા હોવાના મેસેજ સર્કયુલેટ કર્યા.

તેમના પતિ ગુલાબચંદ શાહે આ બાબતે માહિતી આપી હતી કે કમળાબેનનો દરરોજ સવારે પૂજા કરવા જવાનો નિત્યક્રમ હતો. હાલમાં તેમને કમરનું ઓપરેશન કરાવ્યું હતું. એ પછી ડોક્ટરે આરામ કરવા કહ્યું હોવાથી તેઓ જતાં ન હતા. પણ છેલ્લા પાંચેક દિવસથી તેઓ જવાનું શરૂ કર્યું હતું. સવારે ૫.૩૦ કલાકે નીકળ્યાં હતા તે બપોર સુધી પરત ન આવતા સૌ તપાસમાં લાગ્યા હતા. તે છતાં કંઈ ભાળ મળી ન હોવાથી સૌ ચિંતામાં હતા. સોશિયલ મીડિયા પર મેસેજ વાયરેલ કર્યા હતા. ઘરની પાસે ગટર છે ત્યાં કોઈ પડ્યું હોવાનું ત્યાંથી પસાર થનારનું ધ્યાન ગયું હતું. તેથી મહામહેનતે ડેડબોડી બહાર કાઢી ત્યારે તેઓ કમળાબેન જ હોવાનુ સમજાયું હતું. પોલીસ ઘટના સ્થળે આવી મોડી સાંજે ડેડબોડી પોસ્ટમોર્ટ માટે લઈ ગઈ હતી. આ કેવી રીતે બન્યું એની કોઈને સમજ પડતી નથી.

શ્રી વિમલનાથ દેરાસરના તરૂણ વોરાએ જણાવ્યું હતું કે કમળાબેન દરરોજ દેરાસરમાં દર્શન આવતા હતા. ઘટના દિવસે તેઓ દેરાસરમાં ઘરે જતાં ગટરમાં અકસ્માતે પડી ગયા હશે એવું અનુમાન થાય છે. સ્થાનિક સતાતંત્રની બેદરકારીને લીધે એક શ્રાવિકાબેનનું જીવલેણ અકસ્માત થતાં સ્થાનિક લોકોમાં રોષ વ્યાપ્યો છે.

# ખંડવા સંઘમાં ચાતુર્માસ પુર્ણાહૂતિ પશ્ચાત ચાતુર્માસ પરિવર્તન થયું





મધ્યપ્રદેશ રાજ્યના ખંડવા નગરે સંઘમાં શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામમાં ચાતુર્માસ પુર્ણાહૂતિ પશ્ચાત પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા. ચાતુર્માસ પરિવર્તન માટે ખંડવામાં જ આનંદ નગર સ્થાને વિહાર કરેલ. ખંડવામાં સંઘના શ્રાવકોના સભ્યોના ઘરે પગલાં કરીને ૩-૪ દિવસ પછી માંડવગઢ તરફ વિહાર કરશે.

# ચાલીસગામ તીર્થે કાયમી આયંબિલ આરાધનામાં ઉદાર ભાવ સાથે જોડાતા દાતાઓ

શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ ચાલીસગામમાં ખાનદેશ રત્નાશ્રી ચાલીસગામ તીર્થોદ્ધારીકા પ.પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પ્રેરણાથી શ્રી ચાલીસગામ સંઘમાં કાયમી આયંબિલ આરાધના શરૂ છે.

આયંબિલ યોજનામાં ભાવિકજનો ઉદાર ભાવ સાથે જોડાઈ યોજનાની સાર્થકતા સિધ્ધ કરી રહ્યાં છે. હાલમાં આયંબિલ જોડાયેલા દાતાઓમાં ૧) શા.નરશીભાઈ જેઠાભાઈ દંડ પરિવાર વરાડિયા-મલકાપુર રૂ.૫૦૦૦ અને ૨) સૌ.કાશ્મીરાબેન વિનોદભાઈ લોડાયા પરિવાર કોઠારા-ઔરંગાબાદ રૂ.૫૪૦૦નું અનુદાન આપી યોજનામાં જોડાયા છે. સંઘ તરફથી દાતા પરિવારોની અનુમોદના કરાઈ હતી. સંપર્ક હેમંતકુમાર ગુલાબભાઈ નાગડા-૭૭૫૭૦૦૮૦૮૨

# કચ્છમાં યોજાનાર સમસ્ત જૈન સમાજનાં સમૂહલગ્ન અંગે વર-કન્યા પક્ષનાં વડીલોની બેઠક યોજાઈ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇ દ્વારા આગામી ડીસેમ્બર માસમાં કચ્છમાં લીલાશા કુટીયા આદિપુર મધ્યે યોજાનાર સમસ્ત જૈન સમાજનાં સમૂહલગ્નોત્સવ-૨૦૨૨ અંગે વર-કન્યા પક્ષનાં વડીલો સાથે એક બેઠક એકમ-ભવન ભુજ મધ્યે ગ્રુપ અધ્યક્ષ જયેશ જૈનનાં માર્ગદર્શન હેઠળ યોજાઇ હતી.



ગ્રુપનાં ઉપાધ્યક્ષ શ્રી ગોવિંદજી પટેલ, મંત્રી પ્રબોધ મુનવર, નિતિન ધરમશી, વિજયાબેન પટેલ, ગુણવંતીબેન મોતાની ઉપસ્થિતમાં યોજાયેલી બેઠકમાં વર-કન્યાપક્ષનાં વડીલોને ઘરે કોઇપણ જાતનાં ખોટા ખર્ચ ન કરવા સમજ આપવામાં આવી હતી.

વર કન્યાપક્ષનાં વડીલોને લગ્નની પત્રિકાઓ તથા સમૂહલગ્નમાં જોડાયેલ કન્યાઓને ચણિયાચોલી તથા લગ્નમાં પહેરવાનાં વસ્ત્રો ગ્રુપ દ્વારા અર્પણ કરાયા હતા. વર-કન્યાપક્ષનાં વડીલોનાં સૂચનો પણ ધ્યાને લેવામાં આવેલ. સમૂહલગ્નનાં આયોજન અને વ્યવસ્થાઓની સમજ આપવામાં આવેલ. બેઠકનું સંચાલન પ્રબોધ મુનવરે કરેલ.

# સુથરી તીર્થે મહારાજ સાહેબના સંયમ રજત વર્ષ મહોત્સવની આમંત્રણ પત્રિકા અચલગચ્છાધિપતિશ્રીને અર્પણ કરાઈ

કચ્છ પ્રદેશના અબડાસા પંથકના સોનથરી ગામ સુથરી નગર તીર્થમાં પ.પૂ.સાધ્વીશ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના સંયમ રજત વર્ષ મહોત્સવની આમંત્રણ પત્રિકા સુથરી સંઘના અગ્રણીઓએ અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ને અર્પણ કરી હતી.



# શ્રદ્ધાંજલિ



ઉમર વર્ષ
૭૨

અરિહંતશરણ
તા.૧૨-૧૧-૨૦૨૨

## સ્વ. લહેરચંદ રતનશી ડાઘા

### ગામ વરાડીયા – હાલ ભાંડુપ

સજ્જનતા તમારી સુવાસ હતી,
પ્રસન્નતા તમારૂં જીવન હતું,
પરોપકાર તમારૂ રટણ હતું,
સત્યકાર્ય તમારી શોભા હતી,
એક સેવાભાવી નીસ્વાર્થ વ્યક્તિત્વ અને
કર્મનિષ્ઠ પુણ્યાત્માને પ્રભુ શાંતિ અર્પે
એજ પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ સમર્પિત કરીએ છીએ...

**માતુશ્રી હીરબાઈ રતનશી પાશ્વીર ડાઘા પરિવાર, વરાડીયા**
**માતુશ્રી કસ્તુરબાઈ હીરજી કાનજી લોડાયા પરિવાર, નલિયા**

# ડોંબિવલી સંઘમાં મહારાજ સાહેબનું ચાતુર્માસ પરિવર્તન થયું




શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી ભાવગુણાશ્રીજી મ.સા. આદીના ચાતુર્માસ પરિવર્તન સંઘના શ્રાવક ભાઈ-બહેનોના અદ્‌ભૂત ધર્મભાવ ભક્તિ અનુરાગ ભાવ સાથે થયું.





# પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિરસાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૪૦મા વર્ષમાં પ્રવેશ



કચ્છ કોઠારાના માવિત્ર જયાબેન લીલાધર લખમશી દંડની દુહિતા અંતરમાં સંયમ ભાવના કોડ ઉછેરી આત્મકલ્યાણના પંથે જવા ઉત્સુક થતા વિક્રમ સંવત ૨૦૪૦ કાર્તિક માસ વદ ૫ તિથિ દિને અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે વરાડીયા નગરે દીક્ષા ગ્રહણ કરીને ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી વિશ્વદર્શનાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી સમ્યગદર્શનાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિરસાશ્રીજી મ.સા. તરીકે ઓળખ પામ્યા.

વિક્રમ સંવત ૨૦૭૯ કારતક વદ પાંચમ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમજીવનના ૩૯ વર્ષ પૂર્ણ કરી ૪૦મા વર્ષમાં પ્રવેશ કર્યો. મહારાજ સાહેબનું તપોજીવન અખંડ રહી સુવર્ણ, હીરક અને શતક વર્ષ પર્યંત અહર્નિશ રહે એજ શુભભાવના મંગલકામના.



# કોચીન નગરે શ્રી ભલારા દાદાની સમૂહ પેડી ભાવપૂર્વક સંપન્ન થઈ





તા.૬ નવેમ્બર રવિવારના શુભદિને કેરાલા રાજ્યના કોચીન નગરે શ્રી ભલારા દાદાની સામૂહિક પેડીનું ભવ્ય ભાવથી આયોજન કરવામાં આવેલ.

જ્ઞાતિના વરિષ્ઠ વડીલ શ્રી રાયચંદભાઈ લખમશી મૈશેરી જેઓ દરેક ભાવિકોના ઘરે પાઠ માંડવામાં મુખ્ય ભૂમિકા નિભાવી ધર્મ ભાવપૂર્વક સેવા આપી રહ્યાં છે. તેમના નેજા હેઠળ આજની સામૂહિક પેડીનું આયોજન ઉત્સાહપૂર્વક થયું હતું. આશરે ૧૭૫ જેટલા ભાવિક ભાઈ બહેનોએ પેડીના આયોજનમાં પધારીને શ્રી ભલારાદાદાના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કરવા.

દર વર્ષે આવું આયોજન થતું રહે એજ ઉપસ્થિત રહેલ સૌ એ પ્રાર્થના કરી દિલની ભાવના સાથે સૌ પ્રસાદી-જમણ થાળ જમીને પોતાને ઘરે ગયા.

અહેવાલ : પરેશ ચંદુલાલ ધરમશી



# સતિષ નાગડાની શ્રી ગુજરાતી શુભેચ્છક મંડળ તિરૂપુરના સેક્રેટરી તરીકે વરણી થઈ



દક્ષિણ ભારત વિભાગના તીરૂપુર નગરના શ્રી ગુજરાતી શુભેચ્છક મંડળની નવી ટર્મ વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૪ માટે સેક્રેટરીપદ સ્થાને શ્રી સતિષ હંસરાજ નાગડાની વરણી કરાઈ હતી. આ પદ નિયુક્તી થવા બદલ તેમને ભાવપૂર્વક અભિનંદન.

# શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ, વરાડીયા (મુંબઈ)



જન્મ :
૨૯.૧૨.૧૯૪૯

દેહ વિલય :
૧૨.૧૧.૨૦૨૨

## સ્વ. શ્રી લહેરચંદ રતનશી ડાઘા

**ગામ : વરાડીયા - હાલ ભાંડુપ**

**વરાડીયા સ્થિત ડાઘા પરીવાર ની કુળદેવી શ્રી મોમઈ માતાજી ના પરમ ભાવિક,**

૩૧ વરસ પૂર્વે માતાજી ના બાલકા (ભુવાજી) ની વિધિવત સ્થાપનામાં તથા ૨૩ વરસ પૂર્વે શ્રી મોમઇ માતાજી ના શિખરબંધ મંદિર તથા ડાઘા ભવનના નિર્માણ માટે તન-મન-ધન થી સાથ આપનાર, **શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળના એક આદ્ય સ્થાપક,** ૩૧ વરસ પૂર્વે મુંબઈમાં શ્રી મોમઈ માતાજીની સમુહ પહેડી માટે પહેલ કરનાર તથા બીજે વરસે પોતાના પરીવાર નામે અંગત પહેડી કરાવનાર (જે ચીલો આજ સુધી અવિરત ચાલે છે ને દર વર્ષે મુંબઈમાં ડાઘા કુળદેવી મોમઇ માતાજીની પહેડીનું આયોજન થાય છે).

એ પછી પણ માતાજીની ત્રણ પહેડીના લાભાર્થી પરીવાર, સતત ૨૯ વરસ સુધી મંડળ ની કારોબારીમાં રહી સચોટ માર્ગદર્શન આપનાર **મુરબ્બી શ્રી લહેરચંદ રતનશી પાસવીર ડાઘાને ભાવભીની શ્રદ્ધાંજલી.**

**શોકાતુર**

**શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ, વરાડીયા**

# શ્રી સમસ્ત મહાજનના જનરલ સેક્રેટરી રાયપુરની મુલાકાતે



શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના સેક્રેટરી જનરલ નીશિથભાઈ દંડ છતીસગઢ રાજ્યની રાજધાની રાયપુર નગરની મુલાકાતે આવેલ. અત્રે સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી અને ઉત્તર ભારત એકમના પ્રમુખ ચંદ્રેશભાઈ છેડાએ સેક્રેટરી જનરલ નીશિથભાઈ દંડને ભાવપૂર્વક આવકાર આપી. તેમના કાર્યોની મોકળા મને સરાહના કરેલ. ઉતર ભારત એકમ અને રાયપુર ક.દ.ઓ.મહાજન તરફથી પધારેલ વિશેષ મહેમાન નીશિથભાઈ દંડનું બહુમાન કરવામાં આવેલ.

# જલગામના ૪ યુવકો મહારાષ્ટ્ર એકમ યુવા મંચના યુથ એકસચેંજ પ્રોગ્રામમાં સામેલ થવા નાગપુર માટે રવાના થયા

ખાનદેશ વિભાગના જલગામ નગરના ચાર યુવકો નાગપુર મધે મહારાષ્ટ્ર એકમના યુવા મંચ પ્રસ્તુત ૪ ઝોન વચ્ચે યોજાનારા યુથ એક્સચેંજ પ્રોગ્રામમાં ભાગ લેવા તા.૧૦ નવેમ્બર ગુરૂવારના નાગપુર જવા નીકળ્યા હતા. તેમને શુભેચ્છા વિદાય આપવા જલગાવ મહાજનના ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યાં હતા.



# તિરૂપુર સંઘમાં કાર્તિક પૂર્ણિમા નિમિત્તે શ્રી શત્રુંજય તીર્થ પટનું પૂજન કરાયું

તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ જૈન દેરાસર મધે કાર્તિકી પૂર્ણિમા નિમિત્તે શ્રી શંત્રુજય તીર્થ પટનું પૂજન કરવામાં આવેલ. આ ધર્મ આરાધનામાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ સારી સંખ્યામાં ઉપસ્થિત રહી ધર્મ લાભ લીધો હતો.





# યવતમાળમાં વર્ધમાન શક્રસ્તવનું આયોજન





શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપુજક શ્રી સંઘ, યવતમાળમાં પ.પુ. સાધ્વીજી શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૦૪ની પાવન નિશ્રામાં રવિવાર તા. ૦૬ નવેમ્બરના રોજ પ.પૂ. સા.શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ની ૨૩ મી પુણ્યતિથિના અવસરે વર્ધમાન શક્રસ્તવનું આયોજન કરવામાં આવેલ.

## વ્યક્તિનો વિકાસ એટલે જ્ઞાતિની સમૃદ્ધિ

શ્રી સમસ્ત મહાજનની મિડીયા પ્રસાર સમિતિ દ્વારા બીટુબી ના સહયોગથી એક નવો પ્રકલ્પ શરૂ કરવા જઈ રહ્યા છીએ. આમાં તમે મુશ્કેલ પરિસ્થિતિઓ સામે ખંત ખમીર અને સાહસથી લડીને વ્યવસાય વિકસાવ્યો છે. આપ હુનરને આગળ વધાર્યો છે અને પરિવાર માટે આવકનો સ્ત્રોત ઉભો કર્યો છે. એ પ્રેરણા ભરી વાતો જેમાં ક્યા સંજોગોમાં વ્યાપાર ધંધો શરૂ કર્યો, કેવી તકલીફો સહન કરી આગળ વધ્યા એ બધી વાતો જ્ઞાતિજનો સુધી પહોંચાડવા અને તેમાંથી સૌ કોઈ પ્રેરણા લે એ પ્રયોજનથી જ્ઞાતિમૈયા ઈ મેગેજીનમાં પ્રગટ કરાશે. તો કૃપા કરીને આપેલ લિંક ઓપન કરી ફોર્મમાં વિગતવાર માહિતી આપશો એ વિનંતી.

**અહ્યા ક્લીક કરીને વિગતવાર માહિતી આપીને આ ફોર્મ ભરો**




Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com

# નિરજ જૈન દ્વારા સાયબર સેફ ગર્લ્સ અભિયાન દ્વારા જાગૃતિ ઝુંબેશ

વડોદરાના એડવોકેટ નિરજ જૈન દ્વારા એક જાગૃતિ અભિયાન અંતર્ગત સાયબર સેફ ગર્લ્સ અભિયાન શરૂ કરાયું છે. જે દ્વારા મહિલાઓને સુરક્ષિતા મળી રહે એ માટે જાગૃતિ ઝુંબેશ શરૂ કરાઈ છે. યુટ્યુબ લિંક https://youtu.be/_VPI6lx_IJk ઉપર ક્લિક કરી. ૧.૦૨ મિનીટનો આ વિષય પરનો વિડીયો જોઈને આ ઝુંબેશ વિષે તેમના મનનીય વિચાર જાણી શકાશે. મહિલાઓએ ખાસ જોવા જેવો જાણકારી ભર્યો છે.

## અનંત આરોગ્ય નિધિ દેવલાલી મધે તત્વમ સ્વાધ્યાય પ્રવચન માળા યોજાઈ

મહારાષ્ટ્ર રાજ્યના ખુશ્બુમા આબોહવાથી પ્રસિધ્ધ એવા દેવલાલી નગર સંઘમાં માતુશ્રી મધુરીબેન ભવાનજીભાઈ લોડાયા પરિવાર તત્વમ સ્વાધ્યાય પ્રવચન માળા અનંત આરોગ્યનિધિ મધે પૂ.શ્રી નિખિલભાઈની રસપ્રચૂર વાણી દ્વારા ઉપદેશાત્મક પ્રવચન યોજાયો. આ જ્ઞાન સંભર વાણીના એપિસોડ ૨નો લાઈવ યુટ્યૂબ વિડિયો ૧.૨૦ કલાકનો વિડિયો લિંક https://youtu.be/5Rh3drhnkd8 ઉપર ઘર બેઠા જોઈ માણી શકાય છે.

## ફુલ ખીલે ગુલશન ગુલશન



**નિહારીકા**

ડાઘા પરિવાર
માતા - શિલ્પા
પિતા - રાજ
જન્મ - ૨૭-૧૦-૨૦૨૨



## ભાવભીની શ્રદ્ધાંજલિ



**કમલા ધરમશી**
તા.૭ નવેમ્બર (ઉ.૬૮)
સાંધાણ-વિરાર



**શાંતિલાલ ધરમશી**
તા. ૮ નવેમ્બર (ઉ.૫૮)
સિંધોડી-ડોંબિવલી



**શોભા ખોના**
તા. ૮ નવેમ્બર (ઉ.૬૨)
જખૌ-મુલુંડ



**નીલમ છેડા**
તા.૮ નવેમ્બર (ઉ.૫૧)
સુજાપુર-જલગામ



**પ્રેમાબાઈ નાગડા**
તા.૧૦ નવેમ્બર (ઉ.૯૨)
નલિયા-ગદગ






**હિરેન નાગડા**
તા. ૫ નવેમ્બર (ઉ.૬૩)
નલિયા-અંતરજાર



**જયા નાગડા**
તા.૧૧ નવેમ્બર (ઉ.૭૨)
નલિયા-હુબલી



**લહેરચંદ ડાઘા**
તા. ૧૨ નવેમ્બર (ઉ.૭૨)
વરાડીયા-ભાંડુપ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● ભુજના હમીરસર તળાવના ઓગનથી થોડે દૂરના અંતરે આવેલા ભારત નગર વિસ્તારમાં શ્રાવણ શરૂ થતાં ૪ સ્થાનિક અને બહાર ગામના ઢોલીઓનો મેળો જામે છે. ભુજના યુવાન ઢોલી આબિદ તારવાણી ચાર પાંચ મિત્રના સંગાથે એકાદ દાયકાથી દુકાન કમ ફેક્ટરીમાં વોકલ ફોર લોકલના મંત્રને આત્મસાત કરી નવા રૂડા રૂપાળા ઢોલની વરધી લેવા તૈયારીઓમાં રહે છે. એક જમાનામાં ફોક સિંગર્સ કે ભાંગડાના કલાકારોમાં પંજાબી ઢોલનું પ્રભુત્વ રહેતું હતું તેની મોનોપોલી કચ્છી ઢોલે તોડી નાખી છે. મુંબઈ જેવા મહાનગરમાં ધંધાદારી ઢબે ઢોલ વાગે છે તેના નર અને માદા એમ બંન્ને સાઈડ મોટે ભાગે પ્લાસ્ટિક હોય છે. પરંતુ કચ્છી ઢોલમાં બે તરફ ચામડું હોવાથી તેના અવાજની મીઠાશ અને ધબકાર આકર્ષક બને છે. કચ્છી ઢોલનું વજન અંદાજે ૬ થી ૭ કિલો હોય છે. ઉપરાંત તેના પર રંગબેરંગી ફૂમતાનો શણગાર ચાર ચાંદ લગાવે છે. ઢોલનું લાકડાનું બંધારણ વડોદરાથી તૈયાર આવે છે. તે પછીનું તમામ કામ ભુજમાં થાય છે. આ વર્ષે નૈરોબી માટે ૩૫ ઢોલ જ્યારે ઓસ્ટ્રેલિયા ૧૨ ઢોલ મોકલ્યા છે. મુંબઈના જાણીતા કલાકાર નૈતિક નાગડા ભુજના ઢોલને પસંદ કરે છે.

● કચ્છ યુનિવર્સિટી દ્વારા ૧૭મો યુવક મહોત્સવનો ઉમંગભેર પ્રારંભ થયો. જેનું દીપ પ્રાગટ્ય જાણીતા ફિલ્મ નાટક અભિનેત્રી સુજાતા મહેતા અને કચ્છના ગુજરાતી નાટ્ય કલાકાર, દિગ્દર્શક લતેશ શાહના હસ્તે કરાયું. યુનિવર્સિટી સાથે જોડાયેલી ૪૨ કોલેજોના ૧૧૦૦ સ્પર્ધકોએ પોતાનું કૌવત બતાવ્યું હતું. જેઓ નૃત્ય, નાટ્ય, સાહિત્ય અને ચિત્ર તેમજ સંગીત કલાની ૨૬ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. ઉદ્દ્ઘાટન પૂર્વે ચંગલેશ્વર મંદિરોથી માર્ચ પાસ્ટનું આયોજન કરાયું હતું. તેમાં ભાગ લેનાર તમામ કોલેજોના છાત્રોએ પાઈપ બેન્ડની સૂરાવલી સાથે અલગ અલગ થીમ સાથે માર્ચ પાસ્ટમાં જોડાયા હતા. જેને લીધે મિનિ કાર્નિવલ જેવો માહોલ સર્જાયો હતો. આ વરસના યુવક મહોત્સવને સંસ્કૃતિ પર્વનું નામ આપવામાં આવ્યું હતું.

● વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે રાજકોટ ખાતે યોજાયેલી ઓપન સૌરાષ્ટ્ર બેન્ચપ્રેસ તથા ડેડ લિફ્ટમાં ભુજ તાલુકાના માધાપર ગામના નિવૃત્ત આર્મી મેન વિનોદભાઈ સીતાપરાના પુત્ર હાર્દિક અને પુત્રી ઉર્વિશા ચેમ્પિયન ઓફ ચેમ્પિયન થયા હતા. આ સ્પર્ધામાં ૮૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. તેનો બંન્ને ભાઈ બહેન બેન્ચ પ્રેસમાં પ્રથમ અને ડેડલિફ્ટમાં ચેમ્પિયન ઓફ ચેમ્પિયન થયા હતા.

● નખત્રાણા તાલુકાના વડવાકાયા ગામની અને અમદાવાદ અભ્યાસ કરતી નિરાલી જયેશભાઈ વાસાણી (પટેલ) રાયપુર ખાતે યોજાયેલ ઓલ ઈન્ડિયન નેશનલ ગેમ્સમાં વિવિધ મેડલો પ્રાપ્ત કર્યા હતા. જેમાં ૪૦૦ મીટર રીલેમાં ગોલ્ડ ૧૦૦ મીટર રીલેમાં સ્લિવર, ૧૦૦ મીટર દોડમાં કાંસ્ય, ૧૦૦ મીટર હર્ડલ દોડમાં કાંસ્ય મેડલ પ્રાપ્ત કરી નેશનલ સ્પર્ધામાં ઝળકી હતી. કચ્છ પાટીદાર સમાજ, અમદાવાદ સ્થિત સી.એન.સ્પોર્ટસ એકેડેમી અને ૧૨ નારાયણ ગુરૂ કોમર્સ કોલેજ અમદાવાદનું ગૌરવ વધાર્યું.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા


Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST
PRESENTS
RHD
UNNATI LOAN
INTEREST FREE
Now Expand & Secure Your Business with Quick & Hassle free Business Loans
LAUNCH DATE : 4TH JULY 2022
Minimum ₹ 50000 and Maximum upto ₹ 5 Lakhs
ROI 9.5% p.a. will be borne by the trust.
Processing Fee of 1% on the loan amount will be borne by the trust.
The borrower will only have to pay the monthly EMI timely
In Association with
ACBL Estd 1984
ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323
FOR ANY FURTHER DETAILS REQUEST YOU TO PLEASE CONTACT ANY OF THE BELOW MENTIONED BRANCHES
MASJID BUNDER 86526 30384
MATUNGA (CR) 86526 30389
GHATKOPAR 86526 30383
BHANDUP 86526 30381
MULUND 86526 30382
THANE 86526 30388
DOMBIVALI 86526 30386
BORIVALI 86526 30390
MOHILI VILLAGE 86526 30385
VASHI 86526 30387

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)